# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-09-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શિક્ષક દિવસ નિમિત્તે જણાવ્યું કે ગુણવત્તાયુક્ત શિક્ષણ વિના વિકસિત ભારત શક્ય નથી

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શિક્ષકોને વિદ્યાર્થીઓના જીવનને સુધારવા અને તેમના બાળપણને સુરક્ષિત રાખવામાં મોટી ભૂમિકા ભજવવા હાકલ કરી

3) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતે બ્રિક્સ મુખ્ય ન્યાયમૂર્તિ ફોરમ માં સ્વસ્થ મતભેદ અને વિચાર-વિમર્શની સંસ્કૃતિના મહત્વ પર ભાર મૂક્યો

4) નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં મૃત્યુ આંક વધીને 1 હજાર 344 થયો, 13 હજારથી વધુ લોકોને બચાવ્યા

5) બિહારમાં પૂરના કારણે ગંગા અને અન્ય નદીઓ વિવિધ સ્થળોએ ભયજનક સપાટીથી ઉપર- જનજીવન અસ્તવ્યસ્ત

6) T20 મહિલા ક્રિકેટમાં દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો

*********************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PREZ - TEACHER AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે જણાવ્યું કે ગુણવત્તાયુક્ત શિક્ષણ વિના વિકસિત ભારત શક્ય નથી. શિક્ષક દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર સમારોહ 2026ને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે જે સમાજ પોતાના શિક્ષકોનું સન્માન કરે છે, તે જ સાચા અર્થમાં પ્રગતિશીલ સમાજ છે.

## (BYTE: DRAUPADI MURMU)

***"द्वितीय राष्ट्रपति डॉ. सर्वपल्ली राधाकृष्णन की जयंती को शिक्षक दिवस के रूप में मनाकर हमारे देशवासी उनके प्रति एवं समस्त शिक्षक समुदाय के प्रति सम्मान व्यक्त करते हैं। जो समाज शिक्षकों का सम्मान करता है, वह समाज सही अर्थों में प्रगतिशील होता है। शिक्षकों के बीच आकर मेरे अंदर विद्यमान विद्यार्थी और शिक्षक, दोनों ही जीवंत हो जाते हैं।"***

રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ભારતને વિશ્વની કૌશલ્ય રાજધાની તરીકે સ્થાપિત કરવું અને જ્ઞાન શક્તિ બનવું એ દેશ માટે પ્રાથમિકતા છે. તેમણે જ્ઞાનને શક્તિનો સૌથી મોટો સ્ત્રોત ગણાવ્યો હતો.

રાષ્ટ્રપતિ મુર્મૂએ આજે 27 રાજ્યો, સાત કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્ર સરકારના છ સંગઠનોના 48 પસંદગી પામેલા શાળાના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર પ્રદાન કર્યા.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી , શિક્ષણ રાજ્ય મંત્રી જયંત સિંહ  આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# PM ON X - PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે શિક્ષક દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનો એક લેખ શેર કર્યો છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પર એક સંદેશમાં જણાવ્યું કે આ લેખમાં શિક્ષણને માનવતાના નિર્માણ , સ્વતંત્ર વિચાર અને જીજ્ઞાસાને પ્રોત્સાહિત કરવાનું પવિત્ર કાર્ય ગણાવવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે આ લેખ એ વાત પર ભાર મૂકે છે કે શિક્ષકો જ્ઞાન , કૌશલ્ય, મૂલ્યો અને પ્રેરણાનું સિંચન કરીને વિદ્યાર્થીઓના ભવિષ્યનું નિર્માણ કરે છે.

# PM ON X - JOSHI

પ્રધાનમંત્રીએ શિક્ષક દિવસ નિમિત્તે કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીનો એક લેખ શેર કર્યો છે. શ્રી મોદીએ આજે સોશિયલ મીડિયા પર એક સંદેશમાં જણાવ્યું કે આ લેખ શિક્ષક વિદ્યાર્થીને માહિતીમાંથી સમજ અને સમજમાંથી જ્ઞાન તરફ માર્ગદર્શન આપવામાં શિક્ષકની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરે છે.

શ્રી મોદીએ ઉમેર્યું કે આ લેખ એ વાત પર ભાર મૂકે છે કે શિક્ષકોનું સન્માન કરવાની ભારતની નિરંતર પરંપરા જ્ઞાન આપનારાઓ પ્રત્યેના ઊંડા આદરને દર્શાવે છે.

# PM - TEACHERS MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શિક્ષકોને પાઠ્યપુસ્તકોથી આગળ વધીને વિદ્યાર્થીઓના જીવનને સુધારવા અને તેમના બાળપણને સુરક્ષિત રાખવામાં મોટી ભૂમિકા ભજવવા હાકલ કરી છે.

પ્રધાનમંત્રીએ ગઈકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત શિક્ષકો સાથે વાતચીત કરી હતી. સોશિયલ મીડિયા સંદેશમાં મીટિંગની ઝલક શેર કરતા શ્રી મોદીએ કહ્યું કે શિક્ષકોએ ખાતરી કરવી જોઈએ કે દરેક વિદ્યાર્થીનું આંતરિક બાળપણ જીવંત રહે. તે માટે શિક્ષકોએ પોતાના આંતરિક બાળકને પણ જીવંત રાખવું જોઈએ. તેમણે બાળકોમાં વધુ પડતા સ્ક્રીન ટાઇમની આદત અંગે ચિંતા વ્યક્ત કરી.

શ્રી મોદીએ માદક દ્રવ્યોના દુરુપયોગના વધતા જોખમ અંગે પણ ચિંતા વ્યક્ત કરી.

## (BYTE: PM MODI ON DRUG)

*"ड्रग्स का मामला... बड़े शहरों में या यूनिवर्सिटी में रहा ऐसा नहीं, पता ही नहीं किसी को क्या है, कोई आकर के दे देता है। क्या उस संबंध में लगातार आज के जो आप टीचर्स हैं, क्या अवेयरनेस, उसके कारण क्या भय हैं, या माइन्यूटली ऑब्जर्व कर रहे हैं कि कोई किसी बच्चे में बदलाव तो नहीं आ रहा? इस प्रकार से मैं पूरे शिक्षा जगत से यह कहना चाहता हूँ कि हमें बहुत पहले से ज़्यादा, किताबों से बाहर निकलकर के, सिलेबस से बाहर निकलकर के बच्चों की ज़िंदगी में घुसना पड़ेगा। बचपन मरने नहीं देना चाहिए, और बचपन बनाए रखने का सबसे बड़ा काम टीचर कर सकते हैं।"*

પ્રધાનમંત્રીએ સ્તન કેન્સર જાગૃતિનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, હું કાશીનો સાંસદ છું, તેથી મેં ત્યાં સ્તન કેન્સર વિશે જાગૃતિ લાવવા માટે એક અભિયાન શરૂ કર્યું, અને મને ખુશી છે કે આ દિવસોમાં મહિલાઓ પોતાની તપાસ કરાવવા માટે આગળ આવી રહી છે.

# BRICS CHIEF JUSTICE FORUM

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતે આજે સ્વસ્થ મતભેદ અને વિચાર-વિમર્શની સંસ્કૃતિના મહત્વ પર ભાર મૂક્યો હતો. નવી દિલ્હીમાં ચાલી રહેલા બ્રિક્સ મુખ્ય ન્યાયમૂર્તિ ફોરમના ભાગ રૂપે , મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતે બ્રિક્સ સભ્ય દેશો અને ભાગીદાર દેશોના પ્રતિનિધિમંડળોને સંબોધન કર્યું. તેમણે કહ્યું કે, સમયસર અને અનુમાનિત ન્યાય મળવો જરૂરી છે.

# VICE PREZ

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આવતીકાલથી ચાર દિવસ માટે અસમ, મેઘાલય, મણિપુર અને અરુણાચલ પ્રદેશ ની મુલાકાતે જશે. આ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ અનેક શૈક્ષણિક , સાંસ્કૃતિક અને જાહેર કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ ઐતિહાસિક, સામાજિક અને રાષ્ટ્રીય મહત્વ ધરાવતી સંસ્થાઓની મુલાકાત લેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NEPAL FLOODS - DEATH TOLL

નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં મૃત્યુ આંક વધીને 1 હજાર 344 થયો છે. અસરગ્રસ્ત આઠ જિલ્લાઓમાં બચાવ કામગીરી ચાલુ છે , જ્યારે લગભગ પાંચ હજાર લોકો હજુ પણ ગુમ છે. અત્યાર સુધીમાં 13 હજારથી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

નુવાકોટ જિલ્લામાં એક 60 વર્ષીય મહિલાને 10 દિવસ સુધી ફસાયેલા રહે લાં ચાર માળના મકાનના કાટમાળ માંથી જીવિત બચાવી લેવામાં આવ્યા છે. ઘણા મૃતદેહો ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ જવા થી અથવા ટુકડાઓમાં મળી આવવાના કારણે નેપાળે પીડિતોની ઓળખ માટે DNA ટેસ્ટ શરૂ કર્યા છે. અત્યાર સુધીમાં 96 મૃતદેહોની ઓળખ કરીને તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે.

26 ઓગસ્ટે નેપાળ-તિબ્બત સરહદ નજીક હિમસ્ખલનના કારણે અચાનક પૂર આવ્યું હતું.

# EVE. BIHAR-FLOOD

બિહારના કેટલાક ભાગોમાં પૂરના કારણે જનજીવન  અસ્તવ્યસ્ત થયું છે. ગંગા અને અન્ય ઘણી મુખ્ય નદીઓ વિવિધ સ્થળોએ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. અસરગ્રસ્ત લોકોને મદદ કરવા માટે વહીવટીતંત્રે યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરી છે.

સાંભળીએ એક અહેવાલ...........

## (VC: AJAY INDREKAR)

*(ગંગા, ગંડક, કોસી, બુઢી ગંડક, પુનપુન અને ઘાઘરા નદીઓ વિવિધ સ્થળોએ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. પટનામાં ગાંધી ઘાટ, બાંકા ઘાટ અને પંડારક ખાતે ગંગા નદીની જળસપાટી મહત્તમ પૂર સપાટી  કરતાં ઉપર વહી રહી છે. સારણ જિલ્લામાં માહી નદીને સમાંતર આવેલા ત્રિલોકચક નજીક તટબંધનો 20 મીટરનો હિસ્સો ક્ષતિગ્રસ્ત થયો છે. ઘટનાસ્થળે SDRFની ટીમ તેનાત કરવામાં આવી છે. આપત્તિ વ્યવસ્થાપન વિભાગના જણાવ્યા અનુસાર, 11 જિલ્લાના 50 તાલુકાની 201 પંચાયતોમાં આશરે દસ લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. પૂર પીડિતોને સહાય પૂરી પાડવા માટે , સામુહિક રસોડા દ્વારા અત્યાર સુધીમાં એક લાખ  20 હજારથી વધુ લોકોને ભોજન પૂરૂં પાડવામાં આવ્યું છે. દરમિયાન, અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય સંભાળ અને સલામત પરિવહન સુનિશ્ચિત કરવા માટે  50 મેડિકલ કેમ્પ, 19 બોટ એમ્બ્યુલન્સ, 900 બોટ અને 36 પશુચિકિત્સા કેમ્પ ચલાવવામાં આવી રહ્યા છે.  સવિતા પારીક સાથે અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# SUDHANSHU TRIVEDI ON PAPER LEAK

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા ડૉ. સુધાંશુ ત્રિવેદીએ તેલંગાણામાં મહિલા મંત્રીને હટાવવાની કાર્યવાહીને અન્યાયી ગણાવી છે. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં ડૉ. ત્રિવેદીએ આ મુદ્દે કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેના મૌન પર સવાલ ઉઠાવ્યા હતા.

ઝારખંડમાં પ્રશ્નપત્ર લીકનો ઉલ્લેખ કરતા તેમણે આરોપ લગાવ્યો કે તે માત્ર પ્રશ્નપત્ર લીક નહીં પણ પ્રશ્નપત્રની ચોરી હતી.

## (BYTE - SUDHANSHU TRIVEDI)

*"जो कुछ झारखंड में तथ्य प्रकाश में आया है, उसने यह साफ किया है कि यह पेपर लीक नहीं बल्कि पेपर लूट है। और इस लूट की छूट कौन दे रहा है? यह कम से कम राहुल गांधी जी को बताना चाहिए। परंतु ऐसा प्रतीत होता है कि जितने भी राजनीतिक दल दिल्ली में परीक्षा के विषय को लेकर दहाड़ और चिंघाड़ रहे थे, झारखंड के मुद्दे के ऊपर तीन बंदर हो गए हैं।"*

# CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારત આજે રાત્રે 8:00 વાગ્યે દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે T20 એશિયા કપના અંતિમ ગ્રુપ A મેચમાં પાકિસ્તાનનો સામનો કરશે. છેલ્લા મળેલા અહેવાલ મુજબ પાકિસ્તાને ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે.

# EVE BADMINTON

ચાઇના માસ્ટર્સ બેડમિન્ટનમાં , શેનઝેનમાં ભારતીય જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી અને મલેશિયન જોડી નૂર મોહમ્મદ અઝરીન અયુબ અને ટેન વી કિઓંગ વચ્ચે પુરુષોની ડબલ્સ સેમિફાઇનલ મેચ ચાલી રહી છે.